**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૪/૩/૨૦૧૭ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>**

**<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u>**  **<u>સમાચાર યાદી નં.૪૪૮/૧૭</u>**

**<u>એલીસબ્રીજ  પોલીસ સ્ટેશન:</u>**

43

સાબરમતી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. 42/2015 ઈપીકો કલમ 406,420 વિગેરે મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી મહેશભાઈ ઉર્ફે ભકો ઝવેરનાથ જાતે પરમાર ઉવ.34 ધંધો. ડ્રાઈવીંગ રહે, બોરસીનાળા પાસે ગામ. તરગડી તા. પડધરી જી. રાજકોટ  નાને પો.સ.ઈ. જે.એસ.કંડોરીયા એલીસબ્રીજ પો.સ્ટે. નાઓએ પો.કો. કિશોરભાઈ પ્રતાપભાઈ બ..ન. 5917 નાઓની ચોકકસ બાતમી હકીકત આધારે રાંભીયા સર્કલ ખાતેથી પકડી પાડી સીઆરપીસી કલમ 41(1)આઈ મુજબ આજ રોજ તા. 03/03/2017 ના કલાક 13/00 વાગે અટક કરી પુછપરછ કરતાં પોતે આજ થી આશરે બે વર્ષ પહેલાં સને-2015 માં પોતાના ભાઈ જીતુનાથ પરમાર નાઓ સાથે બહુરૂપીનો સામાન લઈ અમદાવાદ ખાતે આવેલ અને ઉજાલા સર્કલ પાસે ગેસ્ટ હાઉસમાં રોકાયેલ અને ત્યાંથી અલગ અલગ બહુરૂપીનો વેશ ધારણ કરી ફરતા હતાં. અને એક દિવસ વ્યંઢળનો વેશ ધારણ કરી સાબરમતી બાજુ ગયેલા અને ત્યાં એક ઘરમાં બહેનને ઘરમાં સુખશાંતિ અને સમૃધ્ધિ માટે એક વિધી કરવાની વાત કરી વિશ્વાસમાં લઈ તેમના ઘરેણા અને રોકડા રૂપીયા એક રૂમાલમાં બાંધી એક કલાકમાં વિધી કરીને આવીએ છીએ. તેમ કહી તેમના ઘરેણા અને રોકડા રૂપીયા લઈ જતાં રહેલ હતાં. અને ત્યારબાદ પોતાનો ભાઈ જીતુનાથ ઝવેરનાથ પરમાર નાને પકડાઈ ગયેલ અને પોતે પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતો ફરતો હતો. અને આજ રોજ પકડાઈ ગયેલ છે. અને અગાઉ આરોપી ગોધરા પંચાલ પોલીસ સ્ટેશન ખાતે ઉપરોક્ત એમ.ઓ. થી છેતરપીંડીના ગુનામાં પકડાયેલ છે. તેમજ રાજકોટ પડધરી પો.સ્ટે. માં મારામારી તેમજ દારૂ પીધેલા ના કેસોમાં પકડાયેલ છે.

**<u>સરદારનગર પોલીસ સ્ટેશન:</u>**

આજરોજ રોજ મે પોલીસ કમીશ્નર શ્રી તથા સયુંક્ત પો.કમી શ્રી સેકટર -૨ સાહેબના માર્ગદર્શન હેઠળ ના.પો.કમી શ્રી ઝોન-૪ તથા મ.પો.કમી શ્રી જી' ડીવીજન સાહેબની સુચનાથી પો.ઇન્સશ્રી એચ.બી ઝાલા સાહેબ નાઓએ કરેલ જાણ હેઠળ આજરોજ .મ.સ.ઇ અરવીંદસિંહ શકરસિંહ બ,ન, ૬૪૦૯ તથા પો.કો ધારુભાઇ રમસુભાઇ બ.ન ૬૬૦૭ તથા પો.કો પ્રદીપકુમાર રામાભાઇ બ.ન. ૨૮૫૫ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન નહેરૂનગરના આદર્શ સ્કુલ પાસે આવતા મ.સ.ઇ અરવીંદસિંહ શંકરસિંહ નાઓને બાતમી હકીકત મળેલ કે <u>સરદારનગર પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.ન ૫૬૨૦/૧૫ પ્રોહી કલમ ૬૬બી,૬૫ઇ</u> મુજબના કામના <u>નાસ્તા ફરતા</u> આરોપણ બાઇ નામે <u>લક્ષ્મીબેન વા/ઓ કનૈયાલાલ બજરંગે રહે આદર્શ સ્કુલના મેદાન પાસે નહેરુનગરના છાપરા કુબેરનગર અમદાવાદ</u> નાઓ છેલ્લા ઘણા સમયથી આ ગુનામા નાસ્તા ફરતા હોઇ અને વારંવાર ચેક કરી કરાવતા હાજર નહિ મળતા હોય તેઓ આજરોજ પોતાના માસીને મળવા સારૂ તેઓના ઘરે આવી સંતાયેલ છે જે હકીકત આધારે બે પંચોના માણસો સાથે સદરી હકીકત વાળા મકાનમા તપાસ  કરતા એક બાઇ હાજર મળી આવેલ જેનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેણે પોતે પોતાનુ નામ <u>લક્ષ્મીબેન વા/ઓ કનૈયાલાલ સુંદરભાઇ બજરંગે ઉ.વ ૩૮ રહે આદર્શ સ્કુલના મેદાન પાસે નહેરુનગરના છાપરા કુબેરનગર અમદાવાદ</u> નાનુ હોવાનુ જણાવતા ઉપરોક્ત ગુનામા પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## દાણીલીમડા પોલીસ સ્ટેશન:

:- દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી નાસતા ફરતા,પેરોલ જમ્પ,વોન્ટેડ આરોપી તેમજ તડીપાર ઇસમોને પકડવા અંગેની ડ્રાઇવ રાખવામાં આવેલ હોય જે ડ્રાઇવ અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

(૧) અત્રેના પોલીસ સ્ટેશન સ્ટેશનના ફસ્ટ ગુ.ર.નં.૯૦/૧૬ ઇપીકો કલમ-૩૭૯,૧૧૪ મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી નામે ઇમરાન ઉર્ફે સાજન ઉર્ફે લંગડો s/o મહેબુબભાઇ શેખ ઉ.વ.૨૫ રહે : મ.નં.૨૯૯ બલોક નં.૧૦ સંતોષનગર ઓડાના મકાનમાં સંતોષનગર પોલીસ ચોકીની સામે રામ રહીમનો ટેકરો દાણીલીમડા અમદાવાદ શહેરનાઓને સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન દાણીલીમડા સુએઝ ફાર્મ રોડ ગુલાબનગર પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.દિલિપસિંહ ગુલાબસિંહ બ.નં.૪૮૫૦ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આજરોજ તા.૦૩/૦૩/૨૦૧૭ ના કલાક : ૨૦/૩૦ વાગે પકડી લઇ નાસતો ફરતો આરોપીનાને પકડવામાં સફળતા મળેલ છે.

(૨) અત્રેના પોલીસ સ્ટેશનમાંથી અમદાવાદ શહેર તેમજ આજુબાજુના જિલ્લાઓમાંથી તડીપાર કરવામાં આવેલ ઇસમ નામે મહેબુબ કાલુભાઇ શેખ રહે : સદરનાઓને સર્વેલન્સ સ્કોડના પો.કો.ઇમરાનખાન અબ્દુલવહાબખાનનાઓને મળેલ બાતમી હકીકત આધારે દાણીલીમડા ઢોર બજાર ચાર રસ્તા જાહેરમાંથી આજરોજ તા.૦૩/૦૩/૨૦૧૭ ના કલાક : ૧૯/૫૦ વાગે પકડી લઇ સદરી દારુ પીધેલી હાલતમાં મળી આવતા સદરી વિરુધ્ધ જી.પી.એકટ કલમ-૧૪૨ મુજબ તેમજ પ્રોહિબિશન એકટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી તડીપાર તેમજ પ્રોહિબિશનનો ગુનો શોધી કાઢેલ છે.

## એલીસબ્રીજ પોલીસ સ્ટેશન:

એલીસબ્રીજ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. 30/2017 ઈપીકો કલમ 395 મુજબના ગુનાના કામના ફરીયાદી શ્રી સાકીરઆલમ ખુરશેદઅલી શેખ ઉવ. 48 રહે, ત્રિપાઠી ટી સ્ટોલ પાસે ફુટપાથ પર લો ગાર્ડન એલીસબ્રીજ અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે આજ રોજ તા. 03/03/2017 ના કલાક રા.ક. 02/00 વાગેના સુમારે ફરી. શ્રી પોતાનું કામ પુર્ણ કરી લો ગાર્ડનથી ન્હાવા ધોવા સારૂ આંબાવાડી તરફ જતાં હતાં દરમ્યાનમાં લો ગાર્ડન થી પંચવટી સર્કલ તરફ આગળ બસ સ્ટેશન પાસે બીજા મિત્રોની રાહ જોઈ ઉભેલ હતાં દરમ્યાનમાં અચાનક એક ઓટો રિક્ષા આવી ઉભી રહેલ અને તેમાંથી ચાર અજાણ્યા ઈસમો નીચે ઉતરેલ અને ફરી. ને એકદમ ચાર પૈકી એક ફેંટ પકડી એક ઈસમે હાથમાંથી KARBONN કંપનીનો K18 મોડલનો મો.ફોન કિ.રૂ. 1550/- નો ઝુંટવી લઈ લીધેલ તથા બીજા એક ઈસમે ખિસ્સાઓ ચેક કરેલ અને એક ઈસમે ફરી.ને લાફાઓ મારી ચારેય ઈસમો મોબાઈલ ફોનની લુંટ કરી ફરી. ને ધક્કો મારી રોડ ઉપર પાડી દઈ ઓટો રિક્ષામાં ભાગી જઈ ગુનો કરેલ હોય જે બાબતે ઉપરોક્ત નંબરથી ગુનો દાખલ કરવામાં આવેલ છે.

બાદ આ કામે પો.ઈ.ન્સ. શ્રી એલીસબ્રીજ પો.સ્ટે. નાઓની સુચનાથી પો.સ.ઈ. શ્રી જે.એસ.કંડોરીયા નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન સ્ટાફના પો.કો. હરપાલસિંહ વિક્રમસિંહ નાઓની ચોકકસ બાતમી હકીકત આધારે શહીદવીર કિનારીવાલા સર્કલ પાસે એલીસબ્રીજ પુલ ઉતરતાં ઓટો રિક્ષા નં GJ-01-CX-6475 ને રોકી આરોપીઓ (1) પપ્પુ સ/ઓફ કાન્તીભાઈ મફાભાઈ જાતે દંતાણી ઉવ.19 રહે, મંગલ તળાવના છાપરા ભવાનીનગર મહેતા ચવાણાની સામે અંજલી ચાર રસ્તા આગળ વાસણા અમદાવાદ શહેર તથા (2)કિરણભાઈ સ/ઓફ ભીખાભાઈ ચંદુભાઈ દંતાણી ઉવ.22 રહે, મંગલ તળાવના છાપરા ભવાનીનગર મહેતા ચવાણાની સામે અંજલી ચાર રસ્તા આગળ વાસણા અમદાવાદ શહેર તથા (3)કૃણાલ ભીખાભાઈ ચંદુભાઈ દંતાણી ઉવ.20 રહે, મંગલ તળાવના છાપરા ભવાનીનગર મહેતા ચવાણાની સામે અંજલી ચાર રસ્તા આગળ વાસણા અમદાવાદ શહેર નાઓને પકડી પાડી તેઓની અંગજડતીમાંથી ઉપરોક્ત ગુનાના કામે લુંટમાં ગયેલ કાળા કલરનો KARBONN કંપનીનો K18 મોડલનો મો.ફોન જેનો IMEI નં. 911423052274224 તથા 911423052274232 નો છે. જેમાં એરટેલ કંપનીનો કાર્ડ છે. જેનો મો.નબર યાદ નથી હોવાનું જણાવે છે. જેની કિ.રૂ. 1500/- તથા એક લીલા કલરની પીળા કલરના હુડવાળી બજાજ કંપનીની RE145 મોડલની જેનો RTO નં-GJ-01-CX-6475 કિ.રૂ. 45,000/- નો મુદ્દામાલ આરોપીઓ પાસેથી કબ્જે કરવામાં આવેલ અને સદર ઓટો રિક્ષા બાબતે મેઘાણીનગર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. 30/2017 ઈપીકો કલમ 379 મુજબનો ગુનો દાખલ થયેલ છે. આમ ઉપરોક્ત આરોપીઓએ બે ગુનાઓ આચરેલ જે ગુનાઓ ડિટેક્ટ કરવામાં આવેલ છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)